ક્રમાંક:ઉમબ/ઉમા.૮/૯/બીનશૈ.ભરતી/૧૮/ ૪૪૧૫-૪૯
કમિશનર, શાળાઓની કચેરી,
બ્લોક ન. ૯/૧ , ડો.જી.મ.ભવન,
ગાંધીનગર તા. ૧૨–૩–૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ

વિષય :– બીન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી બાબત.

સંદર્ભ :–૧. શિક્ષણ વિભાગનો તા.૧૬/૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૬/૭૮૮/ગ
૨. શિક્ષણ વિભાગનો તા. ૬/૩/૧૮નો અસ.પત્ર.ક્રમાંક:બમશ/૧૧/૨૦૧૮/૧૩૦૯૫૨/ગ

ઉપરોકત વિષય અંગે જણાવવાનું કે સંદર્ભ–૧માં દર્શાવેલ તા.૧૬/૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૬/૭૮૮/ગ થી રાજયની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને કેન્દ્રીય સાતમા પગારપંચની ભલામણો અન્વયે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. આ ઠરાવની શરત નં(૧૦) માં " વર્ગ –૩ ની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહે છે" તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.આથી શિક્ષણ વિભાગની અન્ય સુચના ન મળે ત્યાં સુધી શિક્ષણ સહાયક અને આચાર્ય સંવર્ગ સિવાયના અન્ય કોઈપણ સંવર્ગ પર કોઈને પણ નિમણૂંક આપવી નહિ કે આ જગ્યાઓ કે જગ્યા ભરવા કોઈને પણ " ના વાંધા પ્રમાણપત્ર " પણ આપવું નહિ તેવી સુચનાઓ સંદર્ભ (૨) માં દર્શાવેલ પત્રથી મળેલ છે.

હાલમાં રાજયની બિનસરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં મંજુર સંવર્ગો પૈકી શિક્ષણ સહાયક અને આચાર્યની જગ્યાઓની પસંદગી માટેના નિયમો અમલમાં છે. પરંતુ બિનશૈક્ષણિક કર્મચારીઓની પસંદગી લેખિત પરીક્ષાથી કરવા અંગેની કોઈ ચોકકસ પધ્ધતિ હાલમાં અમલમાં નથી.આ કારણે દરેક સંસ્થા દીઠ બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતીમાં તફાવત અને વિસંગતતાઓ જોવા મળે છે અને આજ કારણે ભ્રષ્ટાચારના આક્ષેપો થાય છે.આ પરિસ્થિતિમાંથી બચવા માટે એક પારદર્શક, મુકત, ન્યાયી અને સર્વ સામાન્ય ભરતી પ્રક્રિયા હોય તે અનિવાર્ય છે.

શિક્ષણ વિભાગના તા.૧૬–૮–૨૦૧૭ ના ઠરાવની શરત નં.(૧૦) મુજબ જે સંવર્ગો માટેની ભરતી અંગેના લેખિત પરીક્ષાના નિયમો અમલમાં નથી તેવા સંવર્ગો માટે રાજય સરકારની માન્ય ભરતી પસંદગી સંસ્થાઓ ધ્વારા વર્ગ ૩ ની પરીક્ષાની તરાહ પર (અભ્યાસક્રમ,પરીક્ષા પધ્ધતિ,ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા તથા અનામતની જોગવાઈ સહિત ) અનુદાનિત શાળાઓના વર્ગ ૩ ના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે પણ લેખિત પરીક્ષાના નિયમો બનાવવાનું વિચારણા હેઠળ હોઈ હવે પછી અત્રેથી બીજી સુચના આપવામાં ન આવે ત્યાંસુધી કોઈપણ શાળાઓને આચર્ય અને શિક્ષક સિવાયની કોઈપણ વર્ગ ૩ ની બિનશૈક્ષણિક જગ્યાઓની ભરતી માટે એન.ઓ.સી. આપવી નહિ. આ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨ , ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારુ:–
નાયબ સચિવશ્રી,શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગર